# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૭૩૪૫૯ તા. ૧૮/૦૯/૨૦૧૯

પરિપત્ર- ૯૫૬

સંદર્ભઃ- આ યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક : ૯૩૬ તારીખ ૩૧/૦૮/૨૦૧૯

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાજ્યમાં યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી, ઉચ્ચ ગુણવતા યુક્ત શિક્ષણ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો જેવા કે, MSSIVE ONLINE OPEN COURSEWARE(MOOC) તેમજ ખ્યાતનામ સંસ્થાઓના વિડીયો લેક્ચર્સ, સ્પ્લીમેન્ટ્રી ક્વીઝ ઈત્યાદી મેળવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ધોરણ ૧૨ માન્ય બોર્ડની પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-TAB ટેબલેટ આપવામાં આવનાર છે. ટેબલેટ રજીસ્ટ્રેશન કરતા સમયે કોલેજ ખાતે નીચે મુજબની મુશ્કેલીઓ આવે છે. જે ધ્યાને લઇ નીચે જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા વિનંતી.

૧. વિદ્યાર્થીની ધોરણ-૧૨ની માર્કશીટમાં અને વિદ્યાર્થીના આધાર કાર્ડમાં નામ અલગ અલગ હોવાને કારણે રજીસ્ટ્રેશન થતું નથી આવા વિદ્યાર્થીઓને નજીકના આધાર સેન્ટરમાં જઈ આ અંગેની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

૨. ધોરણ-૧૨ની જુલાઈ-૨૦૧૯ની પુરક પરીક્ષાનું પરિણામ હજુ એક મહિના પહેલા જ આવેલ છે અને ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પરિણામ પુનઃચકાસણી માટે રજુઆતો આવતી હોય હજુ સુધી ફાઈનલ રીઝલ્ટ બોર્ડ દ્વારા ડેટાબેસમાં અપલોડ કરવામાં આવેલ નથી જેનો ઉકેલ કે.સી.જી. દ્વારા દિન-૧૫માં કરવામાં આવશે.

કા.કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.



Scanned by CamScanner